Annexure - B

(29)

ભારતીય કિસાન સંઘના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ જીયુવી-૧૨-૨૦૨૨-૫૧૫-ક**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૫.૧૦.૨૦૨૨

**પ્રસ્તાવના:**

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા ગુજરાતના ખેડૂતોના અગત્યના પડતર પ્રશ્નો બાબતે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ, પ્રસ્તુત બાબતમાં, રાજ્યના મંત્રી મંડળના સભ્યો, સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ અને ભારતીય કિસાન સંઘના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં તા.૦૩.૧૦.૨૦૨૨ અને તા.૦૪.૧૦.૨૦૨૨ના રોજ રાજ્યના ખેડૂતોના પડતર પ્રશ્નો પરત્વે ચર્ચા હાથ ધરવામાં આવેલ અને ખેડૂતોના પડતર પ્રશ્નોને અનુલક્ષીને સરકારશ્રી દ્વારા વિધેયાત્મક નિર્ણયો લેવા વિચારણા કરવામાં આવેલ.

પ્રસ્તુત બાબતે, રાજ્ય સરકાર દ્વારા પડતર પ્રશ્નોના યોગ્ય નિરાકરણ લાવવા સારુ ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવેલ. જેમાં ભારતીય કિસાન સંઘના પ્રતિનિધિઓની પણ સભ્ય તરીકે નિમણૂક કરવાનું નક્કી થયેલ. આમ, ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવા અંગેની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

તદ્નુસાર, પુખ્ત વિચારણાને અંતે, ભારતીય કિસાન સંઘના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે નીચે મુજબના સભ્યશ્રીઓની એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવે છે :-

(૧) માન મંત્રીશ્રી - શિક્ષણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી
(૨) માન મંત્રીશ્રી - કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન
(૩) માન મંત્રીશ્રી - નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ
(૪) અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ વિભાગ
(૫) અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ
(૬) અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
(૭) સચિવશ્રી, પશુપાલન વિભાગ
(૮) સચિવશ્રી, સિંચાઇ વિભાગ
(૯) શ્રી આર કે પટેલ, કિસાન સંઘના પ્રતિનિધિ
(૧૦)શ્રી રામજીભાઈ મચાત્રા, કિસાન સંઘના પ્રતિનિધિ

૨. આ સમિતિ દ્વારા કિસાન સંઘના પ્રશ્નોના નિરાકરણ લાવવા સારુ યોગ્ય વિચારણા કરી રાજ્ય સરકારને અહેવાલ સુપ્રત કરવાનો રહેશે.

આ ઠરાવ, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તારીખ ૧૩/૧૦/૨૦૨૨ની નોંધ અન્વયે સરકારશ્રીની મળેલ મંજૂરી અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(દિપેશ રાજ)
સરકારના ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૨) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૩) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૪) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૫) અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૬) તમામ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર
(૭) મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર
(૮) અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ વિભાગ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક નં ૫, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર
(૯) અગ્ર સચિવશ્રી(નાણાં વિભાગ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોકનં ૪, ૫મો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) અગ્ર સચિવશ્રી(ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક નં ૫, ૫મો માળ, સચિવાલય,ગાંધીનગર
(૧૧) સચિવશ્રી (પશુપાલન), બ્લોક નં ૫, ૨જો માળ, સચિવાલય, ગાંધીનગર
(૧૨) સચિવશ્રી (સિંચાઇ), બ્લોક નં ૯, ૨જો માળ, સચિવાલય, ગાંધીનગર
(૧૩) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૪) શ્રી આર. કે. પટેલ, કિસાન સંઘના પ્રતિનિધિ, મુ.પો. લોદરા, તા. માણસા, જી.ગાંધીનગર
(૧૫) શ્રી શામજીભાઇ મયાત્રા, કિસાન સંઘના પ્રતિનિધિ, મુ.પો.અંજાર, જી. કચ્છ
(૧૬) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, જી.યુ.વી.એન.એલ., રેસકોર્સ, વડોદરા
(૧૭) અધિક સચિવશ્રી(ઉર્જા), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૮) પસંદગી ફાઇલ.